**આંક–૯૩ ની અરજી તળે હુકમ**

**૧.** વિ.એ.પી.પી.સુ.શ્રી. તથા આઇ.ઓ.શ્રી ચૌધરી તથા આરોપીના વિ.વકીલશ્રીને સાંભળ્યા તથા આઇ.ઓ.શ્રી ચૌધરીની જુબાની અધુરી છે, વિ.એ.પી.પી.સુ.શ્રી અને આઇ.ઓ. પોતે ઉપરોકત આંક–૯૩ ની અરજી આપ્યાનું જણાવી તે અરજી મુજબની રજુઆત હોવાનું જણાવે છે અને સાથે જણાવે છે કે, પેનડ્રાઇવમાં સી.સી.ટી.વી. કુટેજો કબજે થયેલ છે, જેમાં સી.સી.ટી.વી. કુટેજ બે પેનડ્રાઇવમાં અલગ જુદી–જુદી જગ્યાના કબજે થયેલ છે અને તેના નિયત જોગવાઇ મુજબના ભારતીય સાક્ષી અધિનિયમ મુજબના સર્ટીફીકેટ સામેલ છે, પરંતુ આ બંને સી.સી.ટી.વી. કુટેજ વાળી પેનડ્રાઇવ એફ.એસ.એલ.માં મોકલવાની રહી ગયેલ છે અને જે બંને પેનડ્રાઇવ એફ.એસ.એલ.માં મોકલવી જરૂરી છે અને એફ.એસ.એલ. તે બાબતે કુટેજની ચકાસણી કરીને સત્યતા બાબતે રેકર્ડ ઉપર એફ.એસ.એલ.નો રીપોર્ટ આવે તે જરૂરી છે અને આ પોકસો જેવો ગંભીર ગુનો છે અને તેમાં આ પુરાવો ખુબ રીલેવન્ટ છે અને એફ.એસ.એલ.ની ચકાસણી થાય તે પણ ખુબ જ જરૂરી છે જેથી બંને પેન ડ્રાઇવ એફ.એસ.એલ. ને મોકલવા આપવા વિનંતી કરે છે અને સાથે વધુમાં જણાવે છે કે, ડીલેના કારણે પુરાવો રેકર્ડ ઉપર ન આવે તેવું ન બનવું જોઇએ આરોપીને પણ ત્યારબાદ ઉલટતપાસમાં તક મળવાની છે આરોપીને કોઇ પ્રીજયુડાઇસ થાય તેવું જણાતું નથી અને આ બંને સી.સી.ટી.વી. કુટેજ કેસને સંબંધીત પુરાવાના છે અને તે સી.સી.ટી.વી. કુટેજમાં આરોપી અને ભોગબનનારના કુટેજ છે તેની સત્યતાની ચકાસણી માટે બંને પેનડ્રાઇવ એફ.એસ.એલ.માં મોકલવી જરૂરી હોય જેથી બંને પેનડ્રાઇવ એફ.એસ.એલ.માં મોકલવા માટે આઇ.ઓ.ને આપવા વિનંતી કરે છે.

**૨.** આરોપીના વિ.વકીલશ્રી પોતે અરજીમાં શેરો કર્યાનું અને તે શેરા મુજબ સખત વાંધો હોવાનું જણાવે છે અને શેરો ધ્યાને લેવા જણાવે છે.

**૩.** ઉપરોકત રજુઆત ધ્યાને લીધી અને આ કામે તપાસ કરનાર અધિકારી બી.એમ.ચૌધરીની આંક–૭૧ થી સાહેદ નં.૧૨ તરીકે જુબાની શરૂ થયેલ છે અને તેના પુરાવામાં પાલીતાણા એસ.ટી. ડેપોના કુટેજ હોવાનું અને પેનડ્રાઇવ હોવા બાબતે જણાવે છે અને વધુ સરતપાસ મુલત્વી રાખેલ છે અને તે સી.સી.ટી.વી. કુટેજની રજુઆતને સાથે ધ્યાને લેવામાં આવે તો તે પેનડ્રાઇવમાંના સી.સી.ટી.વી. કુટેજની એફ.એસ.એલ.માં ચકાસણી થાય અને તેનો ચકાસણી અહેવાલ રજુ થાય તે ન્યાયના હિતમાં પણ જરૂરી છે અને આરોપીને તપાસ કરનાર અધિકારીની ઉલટ તપાસનો હકક છે જ અને ચકાસણી પછી જો પ્રોસીકયુશન એફ.એસ.એલ. અધિકારીને તપાસે તો તેની ઉલટતપાસ કરવાનો પણ આરોપીને અધિકાર છે જેથી

આરોપીને પુર્વગ્રહ થાય તેવું જણાતું નથી આ હકીકત ધ્યાને લેતા અને નામ.સુપ્રીમ કોર્ટનું હસન વલીભાઈ કુરેશી વિ.સ્ટેટ ઓફ ગુજરાતનું તા.૦૫/૦૪/૨૦૦૪નું અપીલ ક્રિમીનલ નં. ૪૨૧/૨૦૦૪ના ચુકાદાના સિધ્ધાંત જોવામાં આવે તો, જણાવેલ છે કે, In Om Prakash Narang and Anr. v State (Delhi Admn.) (AIR 1979 SC 1791) it was observed by this Court that further Investigation is not altogether ruled out merely because cognizance has been taken by the Court. When defective investigation comes to light during course of trial, it may be cured by further investigation if circumstances so permitted. It would ordinarily be desirable and all the more so in this case, that police should inform the Court and seek formal permission to make further investigation when fresh facts come to light instead of being silent over the matter keeping in view only the need for an early trial since an effective trial for real or actual offences found during course of proper investigation is as much relevant, desirable and necessary as an expeditious disposal of the mater by the Courts. In view of the aforesaid position in law if there is necessity for further investigation the same can certainly be done as prescribed by law. The mere fact that there may be further delay in concluding the trial should not stand on the way of further investigation if that would help the Court in arriving at the truth and do real and substantial as well as effective justice.

ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેતા મહત્વનો પુરાવો રેકર્ડ ઉપર આવે તે ન્યાયી જણાય છે અને તેમાં જો વિલંબ થાય તો તે વિલંબ ધ્યાને ન લઈ શકાય અને આઇ.ઓ.ની જુબાની અધુરી હોય તેના કારણે સી.સી.ટી.વી. કુટેજ એફ.એસ.એલ.માં ન મોકલવા તે યોગ્ય ન કહેવાય, આ હકીકત ધ્યાને ન લેતા અરજીમાં જણાવેલી બંને પેનડ્રાઇવ એફ.એસ.એલ.માં ચકાસણી માટે મોકલવા માટે આઇ.ઓ.ને આપવી ન્યાયી જણાય છે જેથી આ બંને પેનડ્રાઇવ અત્રેના સુપ્રીટેન્ડન્ટ શ્રીએ તપાસ કરનાર અધિકારીશ્રી બી.એમ.ચૌધરીને પરત આપવી અને તે પરત આપ્યા બદલ તેઓની સહી લેવી અને આઇ.ઓ.એ. બંને પેનડ્રાઇવ તુરત જ એફ.એસ.એલ.માં નિયત જોગવાઇ મુજબ મોકલી આપવી અને તેનો રીપોર્ટ તુરત અત્રે આવી જાય તે આઇ.ઓ. જોવું અને આઇ.ઓ.એ તે રીપોર્ટ એફ.એસ.એલ.ના રીપોર્ટ અને સંબંધીત ડોકયુમેન્ટો સાથે નિયત જોગવાઇ મુજબ કોર્ટમાં રજુ કરવો, મુદત

તા.૨૭/૦૨/૨૦૨૬ ની કલાક ૧૦.૪૫ ની રાખવામાં આવે છે, આઇ.ઓ.એ મુદતે રીપોર્ટ સાથે હાજર રહેવું,આ બંને પેનડ્રાઇવ એક જ પ્રતમાં છે અને તેમાં પુરાવો છે જેથી આઇ.ઓ.એ પોતે અંગત કાળજી લઇ જાતે એફ.એસ.એલ.માં પહોંચાડવી અને આઇ.ઓ.એ જ રજુ કરેલી પેનડ્રાઇવ હોય અને ભવિષ્યમાં કોઇ ટેકનીકલ તકરારો ન આવે જેથી તે સંજોગોમાં આ બંને પેનડ્રાઇવની અત્રે કોપી કરીને નકલ રાખવામાં આવતી નથી. આઇ.ઓ.એ જાતે એફ.એસ.એલ.માં તુરત જ નિયત જોગવાઇ મુજબ પહોંચાડી અને જેને પહોંચાડે તેના નામ સાથે અત્રેની કોર્ટને તુરત રીપોર્ટ પણ કરવો, આ હુકમની એક નકલ આઇ.ઓ. તથા વિ.એ.પી.પી.શ્રીને આપવી અને હુકમની એક નકલ એફ.એસ.એલ. અધિકારીશ્રીને આપવા માટે આઇ.ઓ.ને આપવી.

હુકમ આજરોજ તા.૧૩ ફેબ્રઆરી સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૨/ ૨૦૨૬
ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડીશ્નલ સેસન્સ
અને સ્પે. પોકસો જજ, ભરૂચ.
(U.I.CODE-GJ00659)